# મોદીની લહેરની વચ્ચે ગુજરાત સ્થિત કંપનીઓના શેરમાં જોરદાર ઉછાળો

નવીદિલ્હી, તા.૧૩

સામાન્ય ચૂંટણીમાં મોદીની લહેરની ચર્ચા વચ્ચે ગુજરાત સ્થિત કંપનીઓના શેરમાં પણ જોરદાર ઉછાળો નોંધાઈ રહ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને સાત મહિના પહેલા ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતા ત્યારબાદથી ગુજરાતની કંપનીઓના શેરમાં ત્રણ ગણો વધારો થઇ ચુક્યો છે. છેલ્લા સાત મહિનાના ગાળા દરમિયાન શેરની કિંમતોના અભ્યાસ બાદ જાણવા મળે છે કે, ૧૩મી સપ્ટેમ્બરના દિવસે મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા બાદ ગુજરાતમાં સક્રિય જુદી જુદી કંપનીઓ અને જુદા જુદા ક્ષેત્રોમાં સક્રિય અદાણી જૂથની કંપનીઓના શેરમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે. બજાર સાથે સંકળાયેલા નિષ્ણાતોનું કહેવું છે કે, ગુજરાતની કંપનીઓના શેરમાં ઉછાળો નોંધાયો છે. તેમને આશા છે કે, મોદી વડાપ્રધાન બનશે. કેટલાક નિષ્ણાતોએ ચેતવણી આપતા કહ્યું છે કે, આ કંપનીઓના શેરમાં જો મોદી વડાપ્રધાન નહીં બને તો તીવ્ર ઘટાડો થશે. અદાણી જૂથની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઇઝના શેરની કિંમત ૧૩મી સપ્ટેમ્બરના દિવસે ૧૪૧.૨૦ રૂપિયા હતી જે ૧૧મી એપ્રિલ ૨૦૧૪ના દિવસે વધીને ૪૩૭.૫ રૂપિયા થઇ ગઇ છે.



મુંબઈ શેરબજારના આંકડા મુજબ આ રીતે અદાણી પાવરના શેરમાં આ ગાળામાં ૫૨.૬૨ ટકાનો અને અદાણી પોર્ટ્સના શેરમાં ૪૨.૫૪ ટકાનો વધારો થયો છે. જે કંપનીઓના શેરે મુડીરોકાણકારોને આકર્ષિત કર્યા છે તેમાં અદાણી ઉપરાંત અરવિંદ લિમિટેડના શેરની કિંમત બે ગણી થઇ છે. આ ગાળા દરમિયાન ગુજરાત પીપાવાવ પોર્ટના શેરની કિંમતમાં ૯૧.૯૩ ટકા, ગુજરાત ખનીજ વિકાસના શેરની કિંમતમાં ૫૩.૪૬ ટકા, કેડિલાના શેરની કિંમતમાં ૪૫.૪૯ ટકાનો વધારો થયો છે. આ સાત મહિનાના ગાળામાં ટોરેન્ટ પાવરના શેરમાં ૪૫.૪ ટકા, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટના શેરની કિંમતમાં ૩૭.૫૭ ટકા, ગુજરાત અલ્કલીઝના શેરની કિંમતમાં ૩૦.૮૨ ટકાનો ઉછાળો નોંધાયો છે. ઓગમેન્ટ ફાઇનાન્સિયલ સર્વિસના અધિકારીઓનું કહેવું છે કે, મોદી લહેર જોવા મળી રહી છે.

## જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલામાં બે જવાનો શહીદ

શ્રીનગર,તા.૧૩

જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી પ્રવૃત્તિને ટાર્ગેટ બનાવીને પ્રથમ વખત આતંકવાદી હુમલો આ વર્ષે કરવામાં આવ્યો છે. આજે આતંકવાદીઓએ શાસક નેશનલ કોફરન્સના યુવા નેતાના આવાસ ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો જેમાં બે પોલીસ જવાનો શહીદ થયા હતા અને અન્ય કેટલાકને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. આતંકવાદીઓએ આ વર્ષનો પ્રથમ ચૂંટણી પ્રવૃત્તિને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો. જોરદાર ગોળીબારની રમઝટમાં બે આતંકવાદીઓ પૈકીને એકને ફૂંકી મારવામાં આવ્યો હતો. આ આતંકવાદી હુમલા માટેની જવાબદારી કોઈએ સ્વીકારી નથી પરંતુ લશ્કરે તોઈબા દ્વારા હુમલો કરાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. શ્રીનગરથી ૩૫ કિલોમીરટના આંતરે પુલવામામાં ખેરો ખાતે આ હુમલો કરાયો હતો. શહીદ થયેલા પોલીસ જવાનો હેડકોન્સ્ટેબલ અબ્દુલ હમીદ અને કોન્સ્ટેબલ વિનોદકુમાર તરીકે ઓળખાયા છે. ગંભીર હાલતમાં આ બંનેને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યા તેમને મૃત જાહેર કરાયા હતા. નેશનલ કોન્ફરન્સના યુવા નેતા પાર્ટી મિટિંગ યોજી રહ્યા હતા ત્યારે આ હુમલો કરાયો હતો. શ્રીનગરથી ૩૫ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં એનસીના યુવા પાંખના ઓર્ગેનાઈઝર યાવર મસુદીના આવાસ ઉપર આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. સુરક્ષા દળોએ આતંકવાદીઓનો ફરાર થયા બાદ પીછો કર્યો હતો. જ્યાં અથડામણ થઈ હતી જેમાં એક આતંકવાદી ઠાર થયો હતો. લોકસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર થયા બાદ કાશ્મીરમાં ચૂંટણી સંબંધિત પ્રવૃત્તિને ટાર્ગેટ બનાવીને પ્રથમ વખત હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલા બાદ સુરક્ષા વ્યવસ્થાને વધારવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલા હજુપણ વધે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે જેથી સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. આજના હુમલા બાદ રાજકીય પક્ષોમાં પણ દહેશત ફેલાઈ ગઈ છે.

## પ્રિયંકા મેરીકોમની ભૂમિકા ભજવવા ટ્રેનીંગમાં વ્યસ્ત છે

મુંબઈ,તા. ૧૩

અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ બોક્સર મેરીકોમની લાઈફ ઉપર બની રહેલી ફિલ્મમાં કામ કરવા તૈયારી બતાવ્યા બાદથી હવે ફિલ્મના શૂટિંગને લઈને પણ ઉત્સુક છે. પ્રિયંકા ચોપડા મેરીકોમની ફિલ્મમાં પોતાની ભૂમિકાને



ન્યાય આપવા માટે ટ્રેનીંગની શરૂઆત કરી ચૂકી છે. પ્રિયંકા ફિલ્મમાં બોક્સર મેરીકોમની ભૂમિકામાં નજરે પડનાર છે. યોગ્ય અભિનેત્રીની પસંદગી કરી લીધા બાદ ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે. ફિલ્મના નિર્માતા, નિર્દેશકો આ ફિલ્મને સફળ બનાવવા માટે કોઈ તક લેવા ઈચ્છુક નથી. ભાગ મિલખા ભાગ ફિલ્મ બનાવી રહેલા ફરાન અખ્તરને તાલીમ આપનાર સમીર જોહલની મદદ પણ લેવામાં આવી રહી છે. આ ફિલ્મ માટે પ્રિયંકાને તાલિમ પણ આપવામાં આવી રહી છે. પ્રિયંકા ફિલ્મમાં બોક્સિંગ રીંગમાં નજરે પડશે. મેરીકોમની લાઈફ ઉપર બની રહેલી ફિલ્મમાં કામ કરવા માટે કઈ અભિનેત્રીની પસંદગી કરવી તેને લઈને નિર્માતા, નિર્દેશકો પરેશાન હતા. કારણ કે આ ભૂમિકા માટે યોગ્ય અભિનેત્રીની પસંદગી કરવી મુશ્કેલ હતી. મેરીકોમની ભૂમિકાને પ્રિયંકા ન્યાય આપી શકશે તેવી નોંધ લેવાયા બાદ આખરે તેની પસંદગી કરાઈ છે. બરફીમાં તેની ભૂમિકાની પ્રશંસા થઈ હતી.

## નરેન્દ્ર મોદીના કારણે સંઘમાં પણ નવા પ્રાણ ફુંકાયા

લખનૌ,તા.૧૩

ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના કારણે સંઘમાં પણ હવે નવા પ્રાણ ફુંકાયા છે. જે સંસ્થાઓ ધીમે ધીમે નિષ્ક્રિય જેવી સ્થિતીમાં દેખાઈ હતી તેમાં હવે નવા પ્રાણ ફુંકાઈ ગયા છે. છેલ્લા ત્રણ મહિનામાં સંઘની બે હજાર નવી શાખાઓ સક્રિય થઈ ગઈ છે. વર્ષ ૨૦૧૩ના અંત સુધી દેશભમાં ૪૪૯૮૨ શાખાઓ સંઘની ચાલતી હતી જે વધીને વર્ષ ૨૦૧૪માં ૫૧ હજાર થઈ ગઈ છે. તેમાં ઝડપ વધારો થઈ રહ્યો છે. સંઘના લોકો પણ વધારે સક્રિય થઈ ગયા છે. નરેન્દ્ર મોદીની વધતી જતી લોકપ્રિયતાને ધ્યાનમાં લઈને હવે સંઘે પણ તેની તૈયારી શરૂ કરી દીધી છે. સંઘના લોકો નરેન્દ્ર મોદીના સમર્થનમાં આગળ આવી રહ્યા છે. યુપીએના શાસનકાળમાં સંઘની શાખાઓ ખુબ ઓછી દેખાઈ રહી હતી અને જે હતી તે પણ ખરાબ રીતે અને બિન અસરકારકરીતે ચાલી રહી હતી. જો કે હવે મોદીની અસર દેખાઈ રહી છે. સંઘની નવી શાખાઓ પણ શરૂ થઈ ગઈ છે. એક વખતે સ્થિતી એટલી હદે ખરાબ થઈ હતી કે વર્ષ ૨૦૧૦માં માત્ર ૩૯૨૮૩ શાખાઓ જ લાગતી હતી જે વધી છે. યુપીએ સરકારના એક પછી એક કોંભાંડ સપાટી પર આવ્યા બાદ હવે શાખાઓ વધવા લાગી હતી.શાખાઓ વધવાની સાથે સાથે વધારે લોકો પણ જોડાઈ રહ્યા છે. નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ તેમાં રેકોર્ડ વધારો થયો છે. હિન્દુત્વને લઈને લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે. દેશમાં પરિવર્તનની હવે જરૂર છે. નરેન્દ્ર મોદી સિવાય કોઈ અન્ય વ્યક્તિ પરિવર્તન લાવી શકે નહી. યુવાનોને આગળ આવીને જવાબદારી લેવી પડશે.

સંઘની શાખાઓમાં જઈને યુવાનો હવ શિસ્તમાં ભાગ લેવા શિખી રહ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓ સંઘની તરફ આકર્ષિત થયા છે. હજારો યુવાનો સંઘ અને ભાજપ તરફ આકર્ષિત થયા છે. નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાના કારણે આ તમામ બાબતો શક્ય બની રહી છે. ગયા વર્ષે ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીનો ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. નામ જાહેર નહી કરવાની શરતે સંઘના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે સત્તાના આકર્ષણના લીધે યુવાનો સંઘ તરફ આવી રહ્યા છે. જે લોકો કેટલાક વર્ષોથી આવી રહ્યા ન હતા તે લોકો પણ હવે સંઘના કામમાં સામેલ થઈ રહ્યા છે. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં સંઘના પ્રચારની જવાબદારી સંભાળનાર કૃપા શંકરના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૦૪ બાદથી ક્યારેય આવી સ્થિતી જોવા મળી નથી. લખનૌમાં હાલમાં શાખા શરૂ કરનાર અતુલસિંહે કહ્યું છે કે વધુને વધુ યુવાનો આગળ આવી રહ્યા છે. અમે અહી ચારિત્ર્ય નિર્માણ, આદર્શવાદ અને શિસ્તની માહિત આપી રહ્યા છીએ. હિન્દુત્વ પર વધારે ધ્યાન આપવા માટે કહેવામાં આવી રહ્યું છે. સંઘના પ્રચારક અશોક સિંહાએ કહ્યું છે કે સંઘ માટે લોકસભાની ચૂંટણી રાષ્ટ્રીય તહેવારની સમાન રહે છે. ચૂંટણી દરમિયાન અમારી પ્રવૃતિ વધી જાય છે. સંઘની કામગીરી સમાજમાં એકતા લાવવાની પણ છે.

## ટ્રેનોમાં હજુ સુધીમાં ૨૦૯૬ બાયો-ટોઈલેટ સ્થાપિત થયા

નવી દિલ્હી,તા. ૧૩

ભારતીય ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રીઓની યાત્રા વધારે સ્વચ્છ અને ઈકો ફ્રેનડલી બને તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રેલવે દ્વારા આ પ્રયાસો જારી રાખીને હજુ સુધી રેલવે કોચમાં ૨૦૯૬ બાયો ટોઈલેટ સ્થાપિત કરવામાં આવ્યા છે. આરસીએફના વરિષ્ઠ અધિકારીએ માહિત આપતા કહ્યું છે કે અમે હજુ સુધી આ વર્ષે માર્ચ સુધીમાં કપુરથલા ખાતે રેલ કોચ ફેક્ટરીમાં કોચોમાં ૨૦૯૬ બાયો ટોઈલેટ સ્થાપિત કરી ચુક્યા છીએ. તેમણે કહ્યું હતું કે બાયો ટોઈલેટના કારણે માત્ર સ્વચ્છતાને જાળવી રાખવામાં જ મદદ મળસે નહી બલ્કે યાત્રીઓની યાત્રા વધારે સારી બનશે. રેલવે ટ્રેક પર માનવી દ્વારા કરવામાં આવતી ગંદગીને રોકી શકાશે. ઉપરાંત રેલવે લાઈનને વધારે સ્વચ્છ બનાવી શકાશે.તેમણે વધુમાં કહ્યું હતુંકે છેલ્લા કેટલાક સમયથી બાયો ટોઈલેટ સ્થાપિત કરવાની કામગીરીને વધારે ઝડપી બનાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રકારના બાયો ટોઈલેટ પ્રિમિયર અને મેઈલ એક્સપ્રેસ ટ્રેનોના સ્લીપર અને એસી કોચમાં ગોઠવવામાં આવશે. ન્યુ એજના ગ્રીન ટોઈલેટની ડિઝાઈન સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ)ની સાથે મળીને રેલવે દ્વારા તૈયાર કરવામાં આવી છે. બાયોટોઈલેટ કોચ ફ્લોરની નીચે સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. અધિકારીઓએ કહ્યું છે કે બાયો ટોઈલેટને લઈને પહેલાથી જ આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન કપુરથલા ખાતે આરસીએફદ્વારા નવા રિકોર્ડ સર્જવામાં આવ્યા છે. નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રિમિયર અને અન્ય મેઈલ એક્સપ્રેસ ટ્રેનો માટે ૧૭૦૦થી વધાર કોચ તૈયાર કરવામાં આવ્યા છે. અહેવાલ મુજબ આરસીએફ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૮૯ એલેચબી કોચ સહિત ૧૭૦૧ કોચ તૈયાર કરવામાં આવ્યા છે. આ કોચ રાજધાની, શતાબ્દી, ડબલ ડેકર અને મેઈલ એક્સપ્રેસમાં ઉપયોગ કરવામાં આવનાર છે. ભારતીય રેલવે દ્વારા યાત્રીઓને વધારે રાહત આપવા માટે અનેક પગલા લેવામાં આવ્યા છે.

## હિન્દુજા બંધુ એશિયન મૂળના સૌથી ધનાઢ્ય

મુંબઈ,તા. ૧૩

હિન્દુજા બંધુઓ વર્ષ ૨૦૧૪માં બ્રિટનમાં રહેતા એશિયન મૂળના સૌથી અમીર વ્યક્તિ તરીકે રહ્યા છે. તેમની સંપત્તિમાં અનેક ગણો વધારો થયો છે. આ ગાળા દરમિયાન તેમની સંપત્તિ ૧૩.૫ અબજ પાઉન્ડની આસપાસ રહી છે. ગયા વર્ષની સરખામણીમાં તેમની સંપત્તિમાં એક અબજ પાઉન્ડનો વધારો થયો છે. બ્રિટનના એક હોટેલમાં શુક્રવારે રાત્રે આયોજિત કાર્યક્રમમાં એશિયન બિઝનેસ એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન હિન્દુજા બંધુઓને તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ એશિયન બિઝનેસ ઓફ ધ યર એવોર્ડ આપવામાં આવ્યો હતો. બ્રિટનના સાંસદ અને શિક્ષણ પ્રધાન માઈકલ ગોવે દ્વારા કાર્યક્રમ વેળા ગ્રુપના સહ અધ્યક્ષ જેપી હિન્દુજા અને તેમના ભાઈ તેમજ કંપનીના ચેરમેન એસપી હિન્દુજાને એવોર્ડ આપીને સન્માનિત કર્યા હતા. બ્રિટનમાં ભારતના હાઈ કમીશનર રંજન મથાઈ પણ આ કાર્યક્રમ વેળા હાજર રહ્યા હતા. ગોવે દ્વારા આ પ્રસંગે બ્રિટનમાં રહેતા સૌથી અમીર એશિયન લોકોની યાદી જાહેર કરી હતી. જેમાં હિન્દુજા પ્રથમ ક્રમે રહ્યા હતા. હિન્દુજા ગ્રુપ બેકિંગ, ઓઈલ એન્ડ નિર્માણ તેમજ મેન્યુફેકચરિંગ જેવા ક્ષેત્રમાં કામ કરે છે. આ કંપનીઓ જુદા જુદા બિઝનેસ ક્ષેત્રમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે. બ્રિટનમાં એશિયન મૂળના બીજા સૌથી અમીરમાં સ્ટીલ સમ્રાટ લક્ષ્મી મિત્તલ રહ્યા છે. તેમની સંપત્તિ ૧૨ અબજ પાઉન્ડ જેટલી આંકવામાં આવી છે.

## મોદી લહેર વચ્ચે ભાજપ ૩૦૦ બેઠકો પર જીતશે

પટણા,તા.૧૩

બિહારમાં મોદી વેવ હોવાનો દાવો કરીને વિતેલા વર્ષોના લોકપ્રિય અભિનેતા અને રાજકારણી શત્રુઘ્ન સિંહાએ આજે દાવો કર્યો હતો કે, વર્તમાન પ્રવાહને જોતા ભાજપ ૨૭૨ના મિશનને જ પાર પાડશે નહીં બલ્કે પોતાની તાકાત ઉપર ૩૦૦થી પણ વધારે બેઠકો જીતી જશે. ચૂંટણી પ્રચાર માટે શરૂઆત કરતા પહેલા શત્રુઘ્ન સિંહાએ કહ્યું હતું કે, તેઓ બિહાર અને દેશના અન્ય ભાગોમાં મોદી મોજુ જોઈ રહ્યા છે. ૨૭૨ના મિશનને પાર પાડવામાં આવશે. બિહારી બાબુ તરીકે વધારે લોકપ્રિય રહેલા ૬૭ વર્ષીય શત્રુઘ્ને કહ્યું હતું કે, હાલમાં સ્થિતિ એવી છે જેવી સ્થિતિ ૧૯૭૭માં સત્તાથી કોંગ્રેસને દૂર કરી જનતા પાર્ટીએ સપાટો બોલાવ્યો હતો. મતદારોની નારાજગી સ્પષ્ટપણે દેખાઈ રહી છે. મોદી વેવ ચારેબાજુ ફેલાયેલી છે.

### ચૂંટણી પ્રચાર વેળા ગાંધી પરિવારમાં ખેંચતાણ

## કોણ ખોટા રસ્તે છે તે અંગે દેશના મતદાર નિર્ણય લેશે

નવી દિલ્હી,તા.૧૩

ભાજપના વરિષ્ઠ નેતા અને ગાંધીપરિવારના પુત્રવધુ મેનકા ગાંધીએ પ્રિયંકા વાઢેરા દ્વારા કરવામાં આવેલા સૂચનો સામે આજે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, કોણ ખોટા રસ્તામાં છે તે અંગે નિર્ણય દેશના નાગરિકો કરશે. વરુણ ગાંધી રસ્તો ભુલી ગયા છે અને ખોટા રસ્તા પર છે તેવા પ્રિયંકાના સૂચન અંગે પ્રતિક્રિયા કરતા મેનકાએ આ મુજબની વાત કરી હતી. મેનકાએ કહ્યું હતું કે, જો દેશની સેવા કરવાની બાબત અન્યત્ર જતા રહેવાની બાબત છે તો આ અંગે દેશ નીર્ણય કરશે. પ્રિયંકા વાઢેરા શનિવારે કહ્યું હતું કે, વરુણ ગાંધી ખોટા રસ્તા પર જતા રહ્યા છે. દેશના લોકોની આ ફરજ છે કે, વરુણને યોગ્ય રસ્તો બતાવવામાં આવે. પોતાના પરિવારના ભાઈ વરુણની ઝાટકણી કાઢતા પ્રિયંકાએ આકરી પ્રતિક્રિયા કર્યા બાદ ગાંધી પરિવારમાં પણ ખેંચતાણ શરૂ થઈ



છે. ચૂંટણી માહોલ ચરમસીમા પર છે ત્યારે ગાંધી પરિવારમાં પણ જોરદાર જંગ છેડાઈ ગઈ છે. પ્રિયંકા અને મેનકા આમને સામને દેખાઈ રહ્યા છે. વિતેતા વર્ષોમાં પણ ચૂંટણી વેળા ખેંચતાણ રહી છે. ચૂંટણી નજીક આવતા ગાંધી પરિવારના સભ્યો આમને સામે છે. એક બાજુ મેનકા ગાંધીના પુત્ર વરુણ ગાંધી ભાજપ તરફથી ચૂંટણી મેદાનમાં છે જ્યારે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી કોંગ્રેસ પાર્ટીમાં છે. આગામી દિવસોમાં પણ ખેંચતાણ જારી રહી શકે છે. આક્ષેપ પ્રતિ આક્ષેપનો દોર તીવ્ર બને તેવી પણ શક્યતા છે. કોંગ્રેસ અને ભાજપે પણ આ મામલે તેમની સાવધાનીપૂર્વકની પ્રતિક્રિયા આપી છે. પ્રિયંકા ગાંધીએ વરુણ ગાંધીને હરાવવાની અપીલ કરી હતી. પ્રિયંકાનું કહેવું છે કે, રાહુલ ગાંધીનો વરુણ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો નથી પરંતુ મેનકા ગાંધીની રાહુલ પ્રત્યે નારાજગી યથાવત રહી છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

'સોનાના સિંહાસનની વારતા' પ્રાચીન વાર્તાને આધુનિક સંદર્ભમાં વ્યંગકથા રૂપે રાજાખોજ રાજા ચક્રમનું બત્રીસ પુતડી જડેલ સોનાનું સિંહાસન તો શું કરે? એ વાત કરી છે. તેમાં છેવટે તો વાત સ્વાર્થની જ આવે છે તેમાં સિપાઇ હોય કે રાજા લીપ્ત તતાં સોનાલિકા નામની પુતળી આકાશમાં ઉડી જાય છે.

'એક મણકો, ખરતું સ્વપ્ન' આ સંગ્રહની છેલ્લી વાર્તા છે. તેમાં આરમીનનું પાત્ર આવે છે. કચ્છના ધોળાવીરાના પથ્થરો અને પંખીઓના કલરવમાં ઇતિહાસની કંઇક વાત કરવાની લેખકે કોશિષ કરી છે પણ તે વાચક સુધી બરાબર પહોંચતી ન હોય તેવું લાગે છે.

'ભેલાણ' વાર્તાસંગ્રહના લેખક - દલપત ધુળાભાઇ ચૌહાણનો જન્મ મહેસાણા જિલ્લાના મંડાલી ગામે તા. ૧૪-૪-૧૯૪૦ ના રોજ થયો હતો. બી.એ. સુધી અભ્યાસ ધરાવતા દલપતભાઇ સરકારી સેવામાંથી નિવૃત્ત થયેલા છે. તેમના દલિત સાહિત્ય માટે ગુજરાત સરકારનો કવિ નરસિંહ મહેતા એવોર્ડ-૨૦૦૧-૦૨ અને દાસીજીવન એવોર્ડ - ૨૦૦૪ માં મળેલ છે. તેમજ સંતોકબા સુવર્ણ ચંદ્રક પણ લેખકે પ્રાપ્ત કરેલ છે. તે ઉપરાંત ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય પરિષદનાં 'પારિતોષિકો' તાદ્દશ્ય વાર્તા પુરસ્કાર અને અખિલ ભારતીય રેડિયો નાટ્ય લેખન પુરસ્કાર તેમને પ્રાપ્ત થયેલો છે. લેખકની મહત્ત્વની કૃતિઓમાં કવિતાસંગ્રહ 'તો પછી' અને વાત મુંઝારો છે તે ઉપરાંત નવલકથા - મલક, નિબંધ - પદ ચિહ્ન, સંપાદન વણબોરી વાર્તાઓ, દુદંભિ તેમજ નવલકથા ભળ ભાંખળું, ક્યા જે સુરજ? જેવી કૃતિઓ લેખકે આપી છે. જયાં મળે ત્યાં કંઇક આક્રોશ વ્યક્ત કરતા ચર્ચા કરતા જણાય પણ સ્વભાવે મળતાવડા અને હેતાળવા લાગે. દલપતભાઇનો આજે જન્મદિવસ પણ છે તે નિમિત્તે તેમને હૃદયથી શુભેચ્છાઓ પાઠવવા સાથે અસ્તિત્વ માટે ઝઝુમતી સંવેદનાત્મક વાર્તાઓ આપવા બદલ અભિનંદન પાઠવી આવકારૂં છું.

***ભેલાણ - (વાર્તાસંગ્રહ)***
***લેખક - દલપત ચૌહાણ***
***પ્રકાશક - હર્ષ પ્રકાશન, ૪૦૩, ઓમ દર્શન ફલેટ્સ,***
***૭ મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા,***
***પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭***
***પૃષ્ઠ - ૧૬૨, કિંમત - રૂા. ૧૩૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩***

### ઈતિહાસ પુરુષ બાબાસાહેબ આંબેડકર

(પાના નં. ૪ નું ચાલુ)

•••••••

***કાશ્મીર ખીણપ્રદેશ પાકિસ્તાનને આપવાની આંબેડકરની તરફેણ***

ભારતીય બંધારણ ઘડનારી સમિતિના અધ્યક્ષ ડો. બાબાસાહેબ આંબેડકરે જમ્મૂ-કાશ્મીરને માટેની ખાસ કલમ ૩૭૦(એ વેળાની ૩૦૬-અ)નો જોરાદર વિરોધ કર્યો હતો એટલું જ નહીં, આવી કલમ બંધારણસભામાં રજૂ કરવાનો નન્નો ભણી દીધો એટલે વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના વિદેશપ્રવાસના એ દિવસોમાં સરદાર વલ્લભભાઈ પટેલની મદદથી કાશ્મીર બાબતોનો હવાલો સંભાળનાર નેહરુનિષ્ઠ પ્રધાન ગોપાલસ્વામી આયંગાર કલમ ૩૭૦ને બંધારણમાં સામેલ કરાવી શક્યા હતા. જોકે ડો. આંબેડકર મુસ્લિમોની બહુમતીવાળા કાશ્મીરના ખીણપ્રદેશને પાકિસ્તાનને આપવાના સમર્થક હતા. હિંદુ બહુમતીવાળા જમ્મૂપ્રદેશ અને બૌદ્ધ બહુમતીવાળા લડાખને ભારત સાથે જોડીને બાકીનો જમ્મૂ-કાશ્મીરનો હિસ્સો પાકિસ્તાનને આપવાના એ પક્ષધર હતા. ડો. આંબેડકરે સ્થાપેલા 'શિડ્યૂલ્ડ કાસ્ટ ફેડરેશન'ના ૧૯૫૨ની લોકસભા ચૂંટણી માટેના ચૂંટણીઢંઢેરામાં પણ તેમણે ઉપરોક્ત ભૂમિકા રજૂ કરી હતી.

***(ધનરાજ ડાહાટ લિખિત 'ડો. અમ્બેડકર ઔર કશ્મીર સમસ્યા'ને આધારે)***

•••••••

હિંદુધર્મ ત્યાગીને બૌદ્ધધર્મ અપનાવતાં ૧૯૫૬માં બાબાસાહેબે અનુયાયીઓને લેવડાવેલી ૨૨ પ્રતિજ્ઞાઓ

(૧) હું બ્રહ્મા-વિષ્ણુ-મહેશને ઈશ્વર માનીશ નહીં અને તેમની પૂજા કરીશ નહીં.
(૨) હું રામ અને કૃષ્ણને ઈશ્વર માનીશ નહીં અને તેમની પૂજા કરીશ નહીં.
(૩) હું ગૌરી-ગણપતિ વગેરે દર્મનાં કોઈપણ દેવી-દેવતાઓને માનીશ નહીં અને તેમની પૂજા કરીશ નહીં.
(૪) હું એવું કદાપિ માનીશ નહીં કે ઈશ્વરે અવતાર લીધો છે.
(૫) હું એવું કદાપિ માનીશ નહીં કે ભગવાન બુદ્ધ વિષ્ણુનો અવતાર છે. હું તેને પાગલ પ્રચાર સમજીશ.
(૬) હું શ્રાદ્ધ કદી કરીશ નહીં અને પિંડદાન પણ કરીશ નહીં.
(૭) હું બૌદ્ધ ધર્મ વિરુદ્ધ કોઈની વાત માનીશ નહીં.
(૮) હું કોઈપણ ક્રિયાકર્મ બ્રાહ્મણો જોડે કરાવીશ નહીં.
(૯) હું બધાં મનુષ્યો સમાન છે એ સિદ્ધાંત માનીશ.
(૧૦) હું સમાનતાની સ્થાપના માટે પ્રયત્ન કરીશ.
(૧૧) હું ભગવાન બુદ્ધના આર્ય અષ્ટાંગ-માર્ગનું સંપૂર્ણ પાલન કરીશ.
(૧૨) હું ભગવાન બુદ્ધની બતાવેલી દશ પારમિતાઓનું પાલન કરીશ.
(૧૩) હું પ્રાણીમાત્ર પર દયા રાખીશ અને તેનું લાલન-પાલન કરીશ.
(૧૪) હું ચોરી કરીશ નહીં.
(૧૫) હું જૂઠું બોલીશ નહીં.
(૧૬) હું વ્યભિચાર કરીશ નહીં.
(૧૭) હું શરાબ વગેરે માદક પદાર્થનો નશો કરીશ નહીં.
(૧૮) હું મારા જીવનને બૌદ્ધ ધર્મનાં ત્રણ તત્ત્વો જ્ઞાન, શીલ, સમાનતા પર ઢાળવાનો પ્રયત્ન કરીશ.
(૧૯) હું મનુષ્ય માત્રના ઉત્કર્ષ માટે હાનિકારક અને મનુષ્ય માત્રના માટેના અસમાન કે નીચ માનવાવાળા આપણા જૂના હિન્દુ ધર્મનો સંપૂર્ણ રીતે ત્યાગ કરું છું અને ભગવાન બુદ્ધનો ધર્મ સ્વીકારું છું.
(૨૦) મને વિશ્વાસ છે કે બૌદ્ધ ધર્મ જ સદ્ધર્મ છે.
(૨૧) હું એવું માનીશ કે મારો પુનર્જન્મ થઈ રહ્યો છે.
(૨૨) હું પવિત્ર પ્રતિજ્ઞા કરું છું કે આજથી હું બૌદ્ધ ધર્મના શિક્ષણ અનુસાર આચરણ કરીશ.

***(નાગપુરમાં દીક્ષાભૂમિસ્થિત સ્તંભ પર અંકિત લખાણને આધારે)***

***(નિયામકઃ સેરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦. મો.: ૯૮૯૮૫૪૩૮૮૧)***

## સમાચાર ઝલક

- ***દેશભરમાં મહાવીર જંયતિની ધામધૂમથી ઉજવણી કરાઇ.***
- ***નાઇજિરીયામાં ગત સપ્તાહમાં અલગ અલગ હુમલાઓમાં ૧૫૦ લોકોનાં મોત.***
- ***ચૂંટણી સુધી જમ્મુ-કાશ્મીરમાં હાઇ એલર્ટ.***
- ***શીખ સમુદાયે વૈશાખી પર્વ ધામધૂમથી ઉજવ્યો.***
- ***સરહદ નજીક પાકિસ્તાને ત્રણ હવાઇપટ્ટી બનાવી, ભારતનો વિરોધ.***
- ***અમદાવાદમાં ચૂંટણી બેનર્સ, ધજા, ટોપી વગેરે એક જ જગ્યાએ બધા રાજકીય પક્ષો બનાવડાવે છે.***
- ***દિલ્હીમાં બાળકી પર દુષ્કર્મ આચરાયું, આરોપીની ધરપકડ.***
- ***ક્રિકેટર સંજુ સેમસેનનાં ઘરે ચોરી થઇ, એવોર્ડ ચોરી ગયા.***
- ***રોમમાં બેરોજગારોનું હિંસક પ્રદર્શન.***
- ***સ્પેનમાં ૭૦ મીટરની ઊંચાઇ પર વૃક્ષ પર મકાન બનાવી એક કુટુંબ વસવાટ કરે છે.***
- ***બાપુનગરમાં રાહદારી પર છરાબાજીનો બનાવ, ત્રણ આરોપીઓ ફરાર.***
- ***વિશાખાપટ્ટનમમાં દરિયા કિનારાનાં ૭ કિલોમીટરનાં વિસ્તારમાં મતદાર જાગૃતિ રેલી યોજાઇ.***
- ***મિઝોરમમાં ૧૩૦ મતદારો ધરાવતું એક કુટુંબ છે.***
- ***મતગણતરીનું લાઇવ ટેલિકાસ્ટ કરાશે.***
- ***દેશભરમાં આજે રાજકીય નેતાઓની ચૂંટણી રેલી-રોડ શો તથા પ્રચાર સભાઓ યોજાઇ.***
- ***ઉત્તરપ્રદેશના હાપુરમાં આગમાં ૩ બાળકો દાઝીને મૃત્યુ પામ્યા.***
- ***ઊંઝામાંથી ૧૮ લાખનું જીરૂ ભરેલી ટ્રક ડ્રાઇવર સાથે ગુમ.***
- ***બિહારમાં ૩૩ બુથ પર ફરીથી મતદાન કરવા ચૂંટણી પંચનો નિર્ણય.***
- ***ઓસ્ટ્રેલિયા પ્રાંતના ક્વિન્સલેન્ડ વાવાઝોડાની ચેતવણી.***